
# દેશના મોટા ભાગના રાજ્યોમાં અંધારપટ

## ૨૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં ત્રણ પાવરગ્રીડ ફેઈલ થતા ભારે હાલાકી

નવીદિલ્હી,તા.૩૧

નોર્ધનગ્રીડ ફેઈલ થયા બાદ તેને વ્યવસ્થિત કરવા આડે ૨૪ કલાકથી પણ ઓછો સમય થયો છે ત્યારે આજે સતત બીજા દિવસે દેશમાં ફરી એકવાર અભૂતપૂર્વ વીજળી કટોકટી ઉભી થઈ હતી. આજે બપોરે આશરે ૧.૩૦ વાગ્યે નોર્ધન, નોર્ધન-ઈસ્ટર્ન અને ઈસ્ટર્ન ગ્રીડમાં એકસાથે ખામી સર્જાતા અફડાતફડી મચી ગઈ હતી. ત્રણ ગ્રીડ કોલેપ્સ થતાં આશરે ૬૭ કરોડ ભારતીયો અંધારપટ હેઠળ આવી ગયા હતાં. ત્રણ ગ્રીડમાં ખામી ઉભી થતાં ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, બિહાર, આસામ, ઝારખંડ અને પૂર્વોત્તર સહિત ૨૪ રાજ્યોમાં બ્લેકઆઉટની સ્થિતિ સર્જાઈ હતી. આશરે ૬૭ કરોડ લોકો વીજ કટોકટીના કારણે મુશ્કેલીમાં મુકાય ગયા હતાં. સેંકડો ટ્રેન રસ્તામાં અટવાઈ પડી હતી. દિલ્હી મેટ્રોની તમામ લાઈનો ઠપ થઈ ગઈ હતી. હાલ સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય બનાવવામાં ૮થી ૧૦ કલાકનો સમય લાગી શકે છે. વીજ પુરવઠો ધીમે ધીમે પુનઃસ્થાપિત કરવાનો દાવો કરવામાં આવી રહ્યો છે પરંતુ લોકો મુજબ હજુપણ તેઓ મુશ્કેલીમાં છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વીજ કટોકટીનાં કારણે રાજયની સરકારી ઓફિસોમાં રજા જાહેર કરી હતી. બપોરે આશરે ૩ વાગ્યે નવીદિલ્હી રેલવે સ્ટેશન અને મેટ્રો માટે વીજળીની આંશિક રીતે શરૂઆત થઈ ગઈ હતી. ટીવી ચેનલોનાં જણાવ્યા મુજબ અનેક રૂટ ઉપર મેટ્રો ટ્રેન શરૂ થઈ ચુકી છે પરંતુ સર્વિસ નિયમિત થઈ નથી. પંજાબ અને હરિયાણાના અનેક રૂટ પર ટ્રેન સેવા શરૂ થઈ ચુકી છે. અત્રે નોંધનીય છે કે, સોમવારે વહેલી સવારે ૨.૩૦ વાગ્યે મોટાભાગના લોકો જ્યારે ઉંઘમાં હતાં ત્યારે તમામ નોર્ધન ગ્રીડ ફેઈલ થઈ જતાં સમગ્ર ઉત્તર ભારતમાં અંધારપટ છવાઈ ગયો હતો. આશરે પંદર કલાક બાદ વીજળી પુરવઠો પુનઃ શરૂ થયો હતો. ત્રણ ગ્રીડને પુનઃવ્યવસ્થિત કરવાના પ્રયાસ યુદ્ધનાં ધોરણે ચાલી રહ્યા છે. દેશભરમાં ૪૦૦થી વધુ ટ્રેનો રસ્તામાં જ અટવાઈ પડી હતી. ગાઝિયાબાદથી મુગલસરાય વચ્ચે ૧૨૫ ટ્રેનો અટવાઈ પડી છે જ્યારે પૂર્વીય અને પૂર્વોત્તર ભારતમાં અનેક ટ્રેનો અટવાઈ પડી છે. પાટનગર દિલ્હીમાં તમામ વિસ્તારોમાં વીજળી વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. પાવર સિસ્ટમ ઓપરેટીંગ કંપનીઓનાં સીઈઓ કે.સુનીએ કહ્યું છે કે, ઉત્તરીય ગ્રીડમાં ફરી સમસ્યા સર્જાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તમામ રાજ્યોમાં મુશ્કેલીમાં મુકાયેલા લોકોએ આક્ષેપોનો મારો ચલાવી દીધો હતો. ગઈકાલે પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી. જોકે થોડાક સમયમાં દિલ્હીમાં સ્થિતિ સુધારી લેવાના દાવા થઈ રહ્યા છે. વીજળી મંત્રાલયના અધિકારીઓ આક્ષેપોનો મારો ચલાવી રહ્યા છે. એકબાજુ ભાજપે પાવર ફેલીયોર માટે મનમોહનસિંહ માફી માંગે તેવી માંગણી કરી છે. બીજીબાજુ કોંગ્રેસે કેટલાંક રાજ્યો પર દોષારોપણ કર્યું છે. પાવર ફેલીયોરનાં લીધે એટીએમ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. દિલ્હીમાં આઈટીઓ બસ સ્ટોપ ખાતે અંધાધૂંધી ફેલાઈ હતી. ભારતમાં અડધાથી વધુ લોકો આ વીજ કટોકટી હેઠળ આવી ગયા હતાં. ઝારખંડમાં સૌથી વધુ મુશ્કેલીનો સામનો લોકોને કરવો પડ્યો હતો. ઈન્કમટેક્સ રિટર્ન ભરવાના પ્રયાસમાં રહેલાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો કારણ કે વીજ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. ઈ-રિટર્ન ભરવા માટે કરદાતાઓમાં ધસારો જોવા મળ્યો હતો, ઈન્કમટેક્સની સાઈટ ખોરવાઈ ગઈ હતી.



### ૮ રાજ્યોમાં ૩ લાખ ટ્રેન યાત્રીઓ અટવાયા

નવીદિલ્હી,તા.૩૧

આશરે ત્રણ લાખ યાત્રીઓ આજે નોર્ધન અને ઈસ્ટર્ન ગ્રીડમાં ખામી સર્જાવાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતાં. ૪૦૦થી વધુ ટ્રેનો આઠ રાજ્યોમાં જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડી હતી. દેશભરમાં છ રેલવે ઝોનમાં રેલવે ઓપરેશન ઠપ થઈ ગયું હતું. રેલવે મંત્રાલયના એડીશનલ ડિરેક્ટર જનરલ (જનસંપર્ક) અનિલ સકસેનાએ કહ્યું હતું કે, નોર્ધન અને ઈસ્ટર્ન પાવરગ્રીડમાં ફેલીયોરથી છ રેલવે ઝોનને માઠી અસર થઈ છે. ૪૦૦થી વધુ ટ્રેનો અટવાઈ પડી છે. અમે ટ્રાફિક એલર્ટની જાહેરાત કરી દીધી છે. સાથે સાથે પરિસ્થિતિ પર ટેકનિકલ સ્ટાફનાં લોકો નજર રાખી રહ્યા છે. સૂત્રોનાં જણાવ્યા મુજબ વીજળી કટોકટીનાં કારણે ત્રણ લાખ લોકોને માઠી અસર થઈ છે. સકસેનાએ કહ્યું હતું કે, ડીઝલનાં ઍન્જિનોનો ઉપયોગ આ ટ્રેનોને નજીકનાં સ્ટેશનો પર પહોંચાડવા ઉપયોગ કરવામાં આવ્યો હતો જેથી ખાવા-પીવાની ચીજ-વસ્તુઓ અને પાણીની વ્યવસ્થા યાત્રીઓ માટે થઈ શકે. અટવાઈ પડેલાં લોકો દ્વારા કોઈપણ રજુઆત કરવામાં આવી નથી. નોર્ધન, દક્ષિણ-મધ્ય ઈસ્ટર્ન, સાઉથ ઈસ્ટર્ન, ઈસ્ટર્ન સેન્ટ્રલ અને વેસ્ટર સેન્ટ્રલ ઝોનમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, મધ્ય પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળના જુદા જુદા ભાગો, ઝારખંડ આવે છે. યાત્રી ટ્રેનોને મુખ્ય પ્રાથમિકતા આપવામાં આવી રહી છે જ્યારે ૩૦૦થી વધુ માલગાડીઓને અસર થઈ છે. નોર્ધન અને ઈસ્ટર્ન ગ્રીડમાં મંગળવારે બપોરે ૧.૦૫ વાગ્યે ગંભીર સ્થિતિ સર્જાઈ હતી.

### કેટલાંક રાજ્યો મર્યાદા કરતાં વધુ વિજળી મેળવે છે : શિંદે

નવીદિલ્હી,તા.૩૧

વર્તમાન વીજળી કટોકટી માટે કેટલાંક રાજ્યો જવાબદાર છે. પાવરગ્રીડમાંથી ઓવરડ્રોઈંગ બદલ રાજ્યો ઉપર કેન્દ્ર સરકારે દોષારોપણ કર્યા છે.

વીજળી પ્રધાન સુશીલકુમાર શિંદેએ કહ્યું હતું કે, સરકાર થોડાંક કલાકોમાં વીજ સ્થિતિ પુનઃસામાન્ય બને તે માટે પ્રયાસ કરી રહી છે. સતત બીજા દિવસે દેશનાં લોકો હજુસુધીની સૌથી ગંભીર વીજ કટોકટી પૈકીની એકનો સામનો કરી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે, એકસાથે ત્રણ ગ્રીડમાં ખામી ઉભી થઈ હોવાની વાત પ્રધાને કરી હતી. સતત બીજા દિવસે નોર્ધન ગ્રીડમાં ખામી સર્જાઈ હતી જ્યારે ઈસ્ટર્ન અને નોર્થ ઈસ્ટર્ન ગ્રીડમાં આજે ખામી સર્જાઈ હતી. બીજીબાજુ ઉર્જા સચિવ પી.ઉમાશંકરે કહ્યું હતું કે, વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા તમામ પ્રયાસ થઈ રહ્યા છે. ગ્રીડની ખામી માટેનાં કારણો શું છે તે અંગે પૂછવામાં આવતાં સુશીલકુમાર શિંદેએ કહ્યું હતું કે, કેટલાંક રાજ્યો તેમની મર્યાદા કરતાં વધુ ઈલેક્ટ્રિસીટી મેળવી રહ્યા છે જેના કારણે સમસ્યા સર્જાઈ છે. ઈસ્ટર્ન ગ્રીડમાંથી આજે સવારમાં જ ૩૦૦૦ મેગાવોટ વધારાનો પાવર મેળવવામાં આવ્યો હતો. અધિકારીઓએ તેમને સવારમાં આ મુજબની માહિતી આપી હતી. પ્રધાને કહ્યું હતું કે, ઓવરડ્રોવલ અથવા તો મર્યાદા કરતાં વધારે વીજળી ન આપવા અથવા તો બંધ કરી દેવા અમે આદેશ આપી ચૂક્યા છીએ. આવા રાજ્યો સામે પગલા લેવામાં આવશે તેમ પણ પ્રધાને વાત કરી હતી. જોકે બીજીબાજુ રાજ્યો પ્રધાનની આ દલીલ સાથે સહમત નથી. ભાજપ શાસિત રાજ્યોનાં મુખ્યમંત્રીઓ કેન્દ્ર ઉપર આક્ષેપો કરવા મેદાનમાં ઉતરી પડ્યા છે. ભાજપ



શાસિત રાજ્યો અને ભાજપનાં વરિષ્ઠ નેતાઓનું કહેવું છે કે, વીજ ક્ષેત્રમાં સુધારા હાથ ધરવામાં આવ્યા નથી. આ ઉપરાંત ધારાધોરણો પાળવામાં આવ્યા નથી. મિસમેનેજમેન્ટનો દાખલો સ્પષ્ટપણે જોવા મળે છે.

### પશ્ચિમ બંગાળમાં ૨૦૦ ખાણિયા અટવાઈ પડ્યાં

વીજ પુરવઠો ખોરવાઈ જવાનાં કારણે પશ્ચિમ બંગાળમાં આજે અંધારપટની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. આના કારણે ૨૦૦થી વધુ ખાણિયાઓ ત્રણ કોલસાની ખાણમાં ફસાઈ ગયા હતાં. વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાનાં પ્રયાસો ચાલી રહ્યા છે ત્યારે અટવાઈ પડેલાંલ લોકોએ ભારે મુશ્કેલી અનુભવી છે. ભૂગર્ભમાં ખાણિયાઓ કામ કરી રહ્યા હતાં ત્યારે વીજ પુરવઠો આજે બપોરે ખોરવાઈ ગયો હતો. માઈન્સ ઓપરેટર (ઈસ્ટર્ન કોલફિલ્ડ) લિમિટેડમાં વરિષ્ઠ અધિકારી નીલધારી રોયે કહ્યું હતું કે, અમે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાનાં પ્રયાસો કરી રહ્યા છે પરંતુ લિફ્ટ હજુ બંધ છે. ખાણિયાને લઈ નવી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. બીજીબાજુ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સરકારી ઓફિસોમાં રજાની જાહેરાત કરી દીધી હતી.

## અમરનાથ યાત્રા : આ વર્ષમાં ૪૫૦૦૦ શ્રદ્ધાળુને સારવાર

જમ્મુ,તા.૩૧

અમરનાથ યાત્રામાં આ વખતે વધુ શ્રદ્ધાળુઓના મોત થયા છે. શ્રદ્ધાળુઓના મોતને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટે પણ આ વખતે ચિંતા વ્યક્ત કરીને શ્રદ્ધાળુઓને તમામ સુવિધા આપવા સુચના આપી હતી જેના ભાગરૂપે હવે અસ્વચ્છ થયેલા ૪૫૦૦૦ શ્રદ્ધાળુઓને મેડીકલ કેમ્પમાં જરૂરી સારવાર આપવામાં આવી છે. અમરનાથ યાત્રા માર્ગ ઉપર સ્થાપિત કરવામાં આવેલા કેમ્પમાં આ લોકોને સારવાર અપાઈ હતી. સરકારી પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે સામાન્ય માંદગી માટે તબીબી સુવિધા આપવા ૨૪ કલાકના રાહત કેમ્પ લગાવવામાં આવ્યા છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડીસીન એન્ડ હોમિયોપેથીએ આ વર્ષે અમરનાથ ગુફા તરફ દોરી જતાં માર્ગ ઉપર એટલે કે બલતાલ અને પહેલગામ રૂટ પર ૧૦ મેડીકલ સહાય કેમ્પ સ્થાપિત કર્યા છે. પ્રવક્તાના જણાવ્યા મુજબ શ્રદ્ધાળુઓને તમામ જરૂરી સુવિધા અપાઈ રહી છે.

છેલ્લા બે વર્ષમાં કેમ્પમાં સારવાર આપવામાં આવી રહેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધારે છે. વર્ષ ૨૦૧૦માં ૩૩૧૬૫ દર્દીઓને સારવાર અપાઈ હતી. આ વર્ષે યાત્રા ૨૫મી જૂનના દિવસે શરૂ થઈ હતી ત્યારથી લઈને હજુ સુધી ૪૫૦૦૦ શ્રદ્ધાળુઓને સારવાર અપાઈ છે. સાંધાના દુખાવા, શ્વાસ લેવાની તકલીફ, હાઈપર ટેન્શન, ચામડીના રોગ સહિતની સારવાર અપાઈ છે. અમરનાથ યાત્રા પરિપૂર્ણ થવા આડે હવે માત્ર ગણતરીના બે દિવસ રહ્યા છે. રક્ષાબંધનના દિવસે અમરનાથ યાત્રા પરિપૂર્ણ થવા જઈ રહી છે.

### Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

આજેય એવાં કેટલાંય મિત્રો-બહેનપણી છે જે આપણી આ રોજિંદી ભાગદોડની જિંદગીમાં આપણાથી દૂર છે, શાળામાં રોજ મળતાં અને એકાદ દિવસ રજા પાડે તોય કંટાળતાં એવામાં આજે તેઓ માત્ર નેટ પર જ ઑનલાઈન મળે છે... પણ કયારેક આ બધાંને મળવાનું મન થાય, પ્લાન પણ ઘડાય, પણ પોતાની પર્સનલ લાઈફમાં એટલો બીઝી કે નોકરીની ઘરેડ અને ઘરની જવાબદારી, ટાઈમની સખત મારામારી અને અરે યાર, આ વખતે નહીં મળાય, નેકસ્ટ ટાઈમ જોઈશું...! કહી ટાળી દેવાય!!

એક જ શહેરમાં રહેવાં છતાંય વર્ષોનાં વર્ષો મળાય નહીં, કયારેક અચાનક કલ્ચરલ ફૉરમની નવરાત્રી, ઘ-૪ના સર્કલે, ભારત ઉત્સવનાં સૅલ કે પછી ટાઉનહૉલનાં એકાદા કાર્યક્રમમાં મળી જવાય, જુની યાદો - સંભારણા તાજા થાય, એકબીજાનાં ખબર-અંતર, પરિવારની માહિતી, શાળાની મસ્તી ઘણું બધું યાદ કરાય, એકબીજાનાં કૉન્ટેકટ નંબર લઈ કયારેક ફોન, એસ.એમ.એસ. થાય અને વળી પાછો વાત પર પડદો પડી જાય, એજ ઈચ્છા કે ફરી મિત્ર માર્ગમાં મળી જાય!!

છેલ્લાં ૭-૮ વર્ષોમાં આ 'ફ્રેન્ડશીપ ડે' નું ચલણ વધ્યું અને એ વખતે જ પેલાં વર્ષો જૂના મિત્રો ફરી યાદ આવવાં લાગ્યા. કૉલેજમાં યુવક-યુવતીઓ તો હલ્લાં-ગુલ્લાં કરી, ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી કે માર્કર પેનથી હાથમાં લખીનેય આ મૈત્રીનું પર્વ ઉજવી લશે... પણ હજુ કેટલાંય જે નોકરી - સંસારની પળોજણમાં પડ્યાં છે એમનાં કેટલાંય જૂના મિત્રો એમને વર્ષોથી મળ્યાં જ નથી, રસ્તે ચાલતાં એમનાં પેલા સ્કૂલી નામ 'શિવાજી' કે 'શિવા' ના નામથી બુમ પાડતું નથી, કોઈ ખીજવતું નથી અને કોઈ કારણ વગરની બકબકથી માથું પણ પકવતું નથી...

આ 'ફ્રેન્ડશીપ ડે' ના નિમિત્તે જૂની યાદો કે વર્ષોથી હ્રદયમાં એક ખૂણામાં સંગ્રાહેલી પડી છે એ ઉછળવાં લાગે છે. શાળા કૉલેજોનાં વિદ્યાર્થીઓ અને મિત્રો તો એમની મનગમતી જગ્યાએ મળીને શુભેચ્છાઓ આપી દેશે... મેં આ વખતે મારાં જીવનમાં અલગ - અલગ સમયમાં આવેલા અને પાક્કાં મિત્રો બનેલાં અને હાલ નૅટવર્ક બહાર થયેલાં મિત્રોની યાદી તૈયાર કરી સૌ સાથે વાત કરવાનો પાક્કો પ્લાન 'ફ્રેન્ડશીપ ડે' માટે તૈયાર રાખ્યો છે... તમારો શો પ્લાન છે??!!

**ચૂંટલો :**

લોહીનો સંબંધ ધરાવતાં મા-બાપ પણ કયારેક પરિસ્થિતિને આધીન થઈ મોઢું ફેરવી લેતાં અચકાતાં નથી અને એ વખતે મિત્ર જ આધાર બનીને ઊભો રહે છે એટલે જ તો કહેવાય છે "શ્વાસ કરતાં પણ વધુ વિશ્વાસ છે, મિત્ર : તું ભગવાનથી પણ ખાસ છે."

## ચિદમ્બરમ બન્યા નવા નાણામંત્રી શિન્દેને ગૃહ મંત્રાલયનો હવાલો

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્રીય કેબિનેટમાં આજે નજીવા ફેરફાર કરવામાં આવ્યા હતાં. ધારણા પ્રમાણે જ હાલ ગૃહમંત્રી તરીકેની જવાબદારી સંભાળી રહેલાં પી. ચિદમ્બરમને હવે નાણામંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે જ્યારે ગૃહખાતુ ચિદમ્બરમ પાસેથી લઈને હવે સુશીલકુમાર શિંદેને સોંપી દેવાયું છે. સરકાર દ્વારા આજે જારી કરવામાં આવેલાં જાહેરનામામાં આ મુજબની વાત કરવામાં આવી છે. પીએમઓ દ્વારા રાષ્ટ્રપતિ ભવનને મોકલવામાં આવેલાં પત્રમાં જણાવાયું છે કે,



કોર્પોરેટ બાબતોનાં પ્રધાન વિરપ્પા મોઈલીને ઉર્જા મંત્રાલયનો વધારાનો હવાલો અપાયો છે. નાણામંત્રી તરીકે પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા રાજીનામું આપ્યા બાદ જગ્યા ખાલી પડી હતી. પ્રણવ મુખર્જીનું નાણુ ખાતુ હાલ વડાપ્રધાન મનમોહનસિંહ સંભાળી રહ્યા હતાં. અત્રે નોંધનીય છે કે, ચિદમ્બરમ વર્ષ ૨૦૦૮ સુધી નાણામંત્રી હતાં પરંતુ નવેમ્બર ૨૦૦૮માં મુંબઈમાં આતંકવાદી હુમલો થયા બાદ તેમને ખસેડી લેવાયા હતાં. સુશીલકુમાર શિંદે પહેલાંથી જ ગૃહમંત્રાલય માટે દાવેદાર હતાં. સપ્ટેમ્બરમાં સંસદના ચોમાસુ સત્ર બાદ હજુ મોટાપાયે ફેરફાર કરાશે. આજે જ નજીવા ફેરફાર કરી દેવામાં આવ્યા હતાં. કેન્દ્રીય ગૃહમંત્રી ચિદમ્બરમને ફરી નાણાંમંત્રી બનાવવામાં આવશે તેવી અટકળો પહેલાંથીજ ચાલી રહી હતી જ્યારે હાલના ઉર્જા મંત્રી સુશીલકુમાર શિંદેને ગૃહમંત્રાલયનો હવાલો સોંપાશે તેમ પણ માનવામાં આવી રહ્યું હતું. ટેલીકોમ બાબતના મંત્રીઓના સમૂહ (જીઓએમ)ના વડા તરીકે પણ ચિદમ્બરમની નિમણૂંક કરી સરકારે સંકેત આપી દીધો છે કે તેઓ વિરોધપક્ષોનો સામનો કરવા તૈયાર છે.

તાજેતરમાં અમુક કોંગ્રેસી નેતાઓએ રાહુલ ગાંધીને લોકસભામાં પક્ષના નેતા બનાવવા પ્રમુખ સોનિયા ગાંધીને પત્ર લખ્યો છે. વડાપ્રધાન ડો. મનમોહનસિંઘે પણ અગાઉ જૂનમાં કેબિનેટ વિસ્તરણને સંકેત આપ્યો હતો.

## માનેસરની હિંસામાં સામેલ તમામ વર્કરોને કાઢી મુકાશે

નવીદિલ્હી,તા.૩૧

મારૂતિ સુઝુકી દ્વારા તેનાં માનેસર પ્લાન્ટમાં થયેલી હિંસાના મામલે કઠોર વલણ અપનાવવા તૈયાર છે. મારૂતિ હિંસામાં સામેલ તમામ વર્કરોની હકાલપટ્ટી કરે તેવી શક્યતા છે. ૧૮ જુલાઈનાં દિવસે માનેસર પ્લાન્ટમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં એક ૫૧ વર્ષીય એચઆર મેનેજરનું મોત થયું હતું, ૯૬ લોકો ઘાયલ થયા હતાં. મારૂતિ સુઝુકી હિંસા મામલે કોઈપણ બાંધછોડ કરવા તૈયાર નથી. જાણકાર સૂત્રોનું કહેવું છે કે, મારૂતિ સુઝુકીએ ખાસ તપાસ ટીમ પાસેથી માહિતી માંગી છે. હિંસામા તપાસ કરવા રચવામાં આવેલી ટીમ પાસેથી આ અહેવાલની માંગણી કરવામાં આવી છે. બીજીબાજુ હિંસામાં સામેલ લોકોની ઓળખવિધિ કરી લેવામાં આવી છે. કંપની સૂત્રોનું કહેવું છે કે, આશરે ૫૦૦ કર્મચારીઓની હકાલપટ્ટી કરવામાં આવશે જેમાં ટ્રેની લોકોનો સમાવેશ થાય છે. માનેસર પ્લાન્ટમાં એ અથવા તો પ્રથમ શિફ્ટ સવારે ૭ વાગ્યાથી બપોરનાં ૩ વાગ્યા સુધી ચાલે છે. આ શિફ્ટમાં કામ કરતાં લોકો સામે વધુ તવાઈ દેખાઈ રહી છે. બી શિફ્ટ ૩ વાગ્યે શરૂ થાય છે અને રાત્રે ૧૧ વાગ્યે પૂરી થાય છે. સાંજે ૭ વાગ્યા સુધી આ પ્લાન્ટમાં કારનું નિર્માણ કરવામાં આવે છે. એવા સંકેત મળી રહ્યા છે કે, મોટાભાગના લોકો ફેક્ટરીમાં હિંસા ભડકી ઉઠી ત્યારે કામ કરી રહ્યા હતાં. પોલીસ તપાસ દર્શાવે છે કે સવારની શિફ્ટમાં કામ કરતાં લોકોની વધુ સંડોવણી છે. મારૂતિ સુઝુકીનાં અધિકારીઓ પહેલાંથી જ કહી ચૂક્યા છે કે, હિંસાના મામલે કોઈ બાંધછોડ કરાશે નહીં.

## અફડાતફડી વચ્ચે સેન્સેક્સમાં ૯૨ પોઇન્ટનો ઉછાળો નોંધાયો

મુંબઈ, તા.૩૧

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા જૂન બાદ બીજી વખત ચાવીરૂપ વ્યાજદર યથાવત રાખવામાં આવતાં અફડાતફડીના માહોલ વચ્ચે મુંબઈ શેરબજારના બીએસઈ સેન્સીટીવ ઈન્ડેક્સમાં ૯૨ પોઈન્ટનો વધારો થતાં ૧૭૨૩૬ પર બંધ થયો હતો. જ્યારે તેના પગલે પગલે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટીનો ૨૯ પોઈન્ટ વધી ૫૨૨૯ પર બંધ રહ્યો હતો. અપેક્ષા અનુસાર રિઝર્વ બેન્કે વૃદ્ધિદરના નિર્ધારણમાં ઘટાડો કરતાં શેરબજારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આરબીઆઈની નીતિ પૂર્વે સેન્સેક્સ ઊંચા મથાળે આજે ખૂલ્યો હતો. ક્ષેત્રીય ઈન્ડેક્સોમાં સૌથી વધુ ૨ ટકા અથવા ૧૪૫ પોઈન્ટનો ઉછાળો ઓઈલ ગેસ ઈન્ડેક્સમાં થયો હતો.

રીયાલ્ટી, આઈટી, હેલ્થકેર, મેટલ, પીએસયુ, ઓટો અને કેપીટલ ગુડ્ઝના ઈન્ડેક્સમાં પણ ૦.૨ થી ૧ ટકાનો ઉછાળો નોંધાયો હતો. બીએસઈ-૩૦ સ્ક્રીપોમાં સૌથી વધુ ૪ ટકાનો ઉછાળો ઓએનજીસીના શેરમાં થતા પ્રતિ શેરની કિંમત ૨૮૭ રૂા. થઈ ગઈ હતી.

ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં પણ ૨ ટકાનો વધારો થતાં શેરની કિંમત ૭૪૩ રૂા.થઈ ગઈ હતી. ઈન્ફોસીસમાં ૦.૮ ટકાનો વધારો થયો હતો. વિપ્રો, એચડીએફસી, સિપ્લા, હિન્દાલકો, મારુતી સુઝુકી, સનફાર્મા, ઓલ ઈન્ડીયા,તાતા સ્ટીલ, ઈન્ફોસીસ, ટીસીએસ, એલએન્ડટી અને હિન્દુસ્તાન યુનીલીવરમાં સામાન્ય ઉછાળો નોંધાયો હતો. બીજી બાજુ સૌથી વધુ ત્રણ ટકાનો કડાકો ટેલીકોમ જાયન્ટ, ભારતી એરટેલમાં થયો હતો. આરબીઆઈ દ્વારા ચાવીરૂપ વ્યાજદરમાં કોઈ ફેરફાર ન કરાતાં બેન્કીંગ ક્ષેત્રમાં આજે નિરાશા વ્યાપી હતી. એસબીઆઈ અને આઈસીઆઈ બેંકમાં પણ ઘટાડો નોંધાયો હતો. કન્ઝયુમર ડ્યુરેબલ્સ અને પાવર ઈન્ડેક્સમાં પણ ઘટાડો થયો હતો. સન ટીવી નેટવર્કમાં ૩ ટકાનો વધારો થયો હતો. ડેક્કન ક્રોનિકલ હોલ્ડીંગમાં ૭.૫ ટકાનો ઘટાડો થયો હતો. માર્કેટ બ્રેડથ હકારાત્મક રહી હતી. ૧૪૩૫ શેરની કિંમત વધી હતી. ૧૨૯૬ની ઘટી હતી. એશિયાના અન્ય બજારોમાં તેજીનો માહોલ રહ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ૨૧૧ પોઈન્ટ વધી ૧૯૭૦૬ પર બંધ રહ્યો હતો. જાપાનનો ૨૨૫ નિક્કી ૬૦ પોઈન્ટ વધી ૮૬૯૫ પર અને તાઈવાનનો ઈન્ડેક્સ ૧૧૧ પોઈન્ટ વધી ૭૨૭૦ પર બંધ રહ્યો હતો. બીજી બાજુ યુરોપીયન બજારો ઘટાડા સાથે ખુલ્યા હતા. ફ્રાન્સનો કેક ૪૦ -૯ પોઈન્ટ અને જર્મનીનો ડેક્ષ ૩૪ પોઈન્ટના ઉછાળા સાથે ખુલ્યા હતા. જ્યારે બ્રિટનનો એફટીએસઈ ૧૦ પોઈન્ટના ઘટાડા સાથે ખુલ્યો હતો.

## ખરીફ ઉત્પાદન, કિંમત પર માઠી અસર : આરબીઆઈ

મુંબઈ,તા.૩૧

રિઝર્વ બેંકે આજે તેની પ્રથમ ત્રિમાસિક નાણાકીય નીતિ સમીક્ષા જારી કરી હતી. આ નીતિ સમીક્ષામાં વર્ષ ૨૦૦૯ બાદથી મોનસૂનની નબળી સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આરબીઆઈએ કબૂલાત કરી છે કે ખૂબ ઓછા વરસાદનાં કારણે ખરીફ ઉત્પાદન ઉપર માઠી અસર થશે. સાથે સાથે જીવનજરૂરી ચીજ-વસ્તુઓનાં ભાવ ઉપર તેની માઠી અસર થશે. ૨૧ ટકા ઓછા વરસાદથી કઠોળનાં ઉત્પાદન ઉપર પણ માઠી અસર થશે. આરબીઆઈએ તેની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરતી વેળા ઓછા વરસાદને વિસ્તારપૂર્વક વાત કરી હતી.

આરબીઆઈનાં ગવર્નર ડી.સુબ્બારાવે કહ્યું હતું કે, જીડીપીમાં કૃષિ ઉત્પાદનની હિસ્સેદારી આના લીધે મર્યાદિત થશે. ફુગાવા ઉપર દબાણ વધશે. ૨૭ જુલાઈ સુધી લોંગ પિરીયડ એવરેજની દૃષ્ટિએ ગણવામાં આવે તો ૨૧ ટકા ઓછો વરસાદ થયો છે. રિઝર્વ બેંકના પ્રોડક્શન ઈન્ડેક્ષની દૃષ્ટિએ આ વરસાદ ૨૪ ટકા જેટલો ઓછો છે. આનાથી કઠોળ સહિતનાં અનાજનાં પાક ઉપર ખૂબ અસર થશે. કેટલીક ચીજ-વસ્તુઓની કિંમતો પર માઠી અસર થશે. જુલાઈ દરમિયાન વાવેતરમાં સુધારો થયો હોવા છતાં વાવણી હેઠળનાં વિસ્તારો ઉલ્લેખનીય રીતે ઘટી ગયા છે. ઓછાં વરસાદથી લઘુત્તમ સમર્થન મૂલ્ય ઉપર અસર થશે.

## વીજળી સમસ્યા સંદર્ભે વડાપ્રધાન માફી માંગે

નવીદિલ્હી,તા.૩૧

વડાપ્રધાન મનમોહનસિંહ પણ વીજ કટોકટીને લઈને ટીકા-ટિપ્પણીનાં ઘેરામા આવી ગયા છે. ભાજપે કોંગ્રેસનાં નેતૃત્વમાં યુપીએ સરકાર ઉપર આજે જોરદાર પ્રહારો કર્યા હતાં અને કહ્યું હતું કે, નોર્ધન અને ઈસ્ટર્ન ગ્રીડ ફેલીયોર માટે સરકાર જવાબદાર છે. પૉલિસીમાં નિષ્ફળતા અને મિસમેનેજમેન્ટ દેખાઈ આવે છે. ભાજપનાં પ્રવક્તા પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, પાવર સૅક્ટરમાં યુપીએ સરકારની સંપૂર્ણ નિષ્ફળતા દેખાય આવે છે. બે દિવસનાં અંધારપટમાં લોકો પરેશાન થઈ ગયા છે. દેશનાં ૬૦ કરોડ લોકો અસરગ્રસ્ત છે. પાવર સૅક્ટરમાં મેનેજમેન્ટની નિષ્ફળતા દેખાઈ આવે છે. આજની નિષ્ફળતા બીજી નિષ્ફળતા છે. જાવડેકરે એમપણ કહ્યું હતું કે, મનમોહનસિંહ અને ઉર્જા પ્રધાન સુશીલકુમાર શિંદેએ વીજ કટોકટી મામલે માફી માંગવી જોઈએ. કટોકટી માટે સંપૂર્ણપણે દોષિત છે. જાવડેકરે કહ્યું હતું કે, ઈલેક્ટ્રીસિટી એક્ટને યોગ્ય રીતે અમલી નહીં બનાવવાના લીધે સમસ્યા સર્જાઈ છે. વીજ ક્ષેત્રમાં મહત્વનાં સુધારા હાથ ધરાયા નથી.

### પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

તાજેતરમાં, સંસ્થાની અછડતી મુલાકાતે આવેલા અમદાવાદના ઉદ્યોગપતિઓ શ્રી રામાણી અને શ્રી જોશી પરિવારે, સંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને, સંસ્થાના તાલિમાર્થીઓને રહેવા છાત્રાલય બનાવવા રૂા. ૪૫ લાખ જેવી માતબર રકમનું દાન કર્યું. જેનાથી સહેજે કલ્પી શકાય કે, સુરેશભાઈનો સેવાયજ્ઞ કેવો પ્રજ્જવલ્લિત છે.

અહીંના રક્તપિત્ત ગ્રસ્તોના શરીર પરના જખમ, એમની વ્યથા, મંદબુધ્ધિ બાળકોની જીવનભરની વેદના નજરે નિહાળીએ તો જ સમજાય કે ઈશ્વરે આપણા ઉપર કેવી અઢળક કૃપા વરસાવી છે.

આપે રૂબરૂ મુલાકાત લેવી હોય કે દાનરૂપે સહયોગ આપવો હોય તો,

**શ્રી સુરેશ સોની - ઇન્દિરાબેન સોની**
**સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ**
**રાજેન્દ્રનગર ચોકડી.**
**હિંમતનગર-શામળાજી હાઇવે, જિ. સાબરકાંઠા.**
**(૦૨૭૭૨) ૨૫૪૩૩૭)**
**www.sahyohtrust.org.in**
**"સૂરજ ના બન પાયે તો કયા, બનકર દીપક જલતા ચલ."**